# ધાનેરા તાલુકાના ગોલા ગામની પ્રજા પાણી માટે તરસી રહ્યા છે



## અબોલ પશુઓ મોતને ભેટી રહ્યા છે

### મૃત પશુઓની દુર્ગંધથી ગામમાં મોટો રોગચાળો ફેલાય તો નવાઈ નહિ : ગામ કૂવાની મોટર બળી જતા લોકો પરેશાન

ધાનેરા તાલુકાના છેવાડે આવેલા ગોલા ગામના લોકો પીવાના પાણી માટે પુકાર કરી રહ્યા છે. સ્થાનિક સરપંચ તલાટીની નિષ્ક્રિયતાના લીધે ગ્રામજનો સહિત શાળાના બાળકો પાણી માટે વલખા મારી રહ્યા છે તો અબોલ પશુઓ ને પાણી ન મળતા મોતને ભેટી રહ્યા છે....

પાણી માટે વલખા મારતા ગ્રામજનો. પાણી માટે આમ તેમ ભટકતા ગ્રામજનો અને મૃત હાલતમાં પડેલા પશુઓ આ તમામ દ્રશ્યો છે ગુજરાત-રાજસ્થાન સરહદ પર આવેલા ધાનેરા તાલુકાના ગોલા ગામના અને આ તમામ દ્રશ્યો સર્જાવાનું કારણ એક જ છે આ ગામમાં પાણી નથી થોડા દિવસો અગાઉ ગામ કુવાની મોટર બળી જતા હજુ સુધી મોટર રીપેર ન થતા લોકો શાળાએ ભણતા બાળકો તેમજ અબોલ પશુઓ પાણી માટે વલખા મારી રહ્યા છે. તો હવે તમે પણ સાંભળો આ ગ્રામજનો શું કહે છે. ગુજરાતમાં બાળકો સારી રીતે ભણી શકે તે માટે ગુજરાત સરકાર લાખો રૂપિયાનો ખર્ચ કરી રહી છે પરંતુ ધાનેરા તાલુકાના ગામે તો કંઈક અવળી જ ગંગા જોવા મળી. બાળકો પોતાનું ભણતર બગાડી તરસ છીપાવવા માટે દૂર દૂર સુધી પાણી પીવા માટે જાય છે અને બાળકો પાણી પીને પરત આવે ક્યાં સુધી તેમનો અભ્યાસ બગડી રહ્યો છે. ત્યારે બાળકો પણ પોકારી પોકારીને સરકારને કહી રહ્યા છે કે અમારું ભણતર ન બગડે અને અમને ટાઈમસર પાણી મળે તેવી વ્યવસ્થા કરો.



ગુજરાત સરકાર ગામડાને આધુનિક ગામડા બનાવવા માટેના સપના જોઈ રહી છે. ખાસ કરીને પાણી આરોગ્ય તેમજ સ્વાછતા બાબતે સરકારે અનેક યોજના અમલમાં મૂકી છે. જોકે ધાનેરા તાલુકાના છેવાડે આવેલ ગોલા ગામની પરિસ્થિતિ કૈક અલગ છે. આ ગામમાં ૫૦૦૦ જેટલી વસ્તી છે. પરંતુ હાલ આ તમામ લોકો પીવાના પાણીને લઈને ભારે મુશ્કેલી વેઠી રહ્યાં છે. ગામમાં આવેલ પીવાના પાણી માટેનો બોર છેલ્લા ૧૫ દિવસ થી બંધ છે...ગામના લોકો પીવાના પાણી માટે દૂધના કેન અથવા મોટી ટાંકી લઈ મોટર સાઈકલ કે અન્ય વાહન દવારા નજીક પડતા ખેતરમાંથી પીવાના પાણીની વ્યવસ્થા જાતે કરી રહ્યા છે. ગોલા ગ્રામપંચાયત પોતાના ગામના લોકોને પીવાનું પાણી આપવામાં પણ સક્ષમ નથી. ગ્રામજનો પીવા માટે પાણી જલ્દી મળે તેવી રજુઆત કરી રહ્યા છે. તો બીજી તરફ મહિલાઓ માથા ઉપર પાણી ઉપાડી દૂરથી પાણી લાવી પોતાની તેમજ પોતાના બાળકોની તરસ છીપાવી રહ્યો છે ગામની ગૌ શાળામાં ગાયો પણ તરસના કારણે ટપોટપ મોતને ભેટી રહી છે.ગામની નજીક આવેલ ગૌ શાળામાં પીવાના પાણી માટેનો હવાડો પણ કોરો પડ્યો છે અને ગૌ શાળામાં ૮ થી વધુ જેટલી ગાયોના મૃતદેહ પણ પડ્યા છે.ગોલા ગામ માં પીવના પાણીની સમસ્યા ક્યારે હલ થશે તેની સૌ કોઈ રાહ જોઈ રહયા છે. ગાયો તેમજ પશુ પણ તડપી તડપીને પાણી ના મળતા મરી રહ્યા હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે.પાણી ન મળતા અબોલ પશુઓ મોતને ભેટયા છે અને તમામ પશુઓના મૃતદેહ આજે પણ ગૌશાળામાં આમતેમ રજળી રહ્યા છે અને મૃત પશુઓ ની દુર્ગંધથી લોકોનું માથું ફાટી રહ્યું છે એક બાજુ આંગણવાડી કેન્દ્ર. બીજી બાજુ પ્રાથમિક શાળા અને ત્રીજી બાજુ માધ્યમિક શાળા આ તમામ શાળાઓની વચ્ચે ગૌશાળા આવેલી છે અને ગૌશાળામાં મૃત પશુ ની દુર્ગંધ બાળકો માટે ખૂબ જ હાનિકારક સાબિત થાય તે પહેલા તંત્ર પશુઓના નિકાલ કરે તેવી લોકોની માંગ ઉઠી રહી છે જ્યારે વાત મૃત પશુઓ ની સફાઈ બાબતની આવી ત્યારે ધાનેરા તાલુકા વિકાસ અધિકારી ગીતાબેન ઠાકોરે પોતાની મોટાઈ માં જણાવ્યું કે હું જાતે મૃત પશુઓ ની સફાઈ કરવા આવી જવું ત્યારે અમારી ટીમ દ્વારા તાલુકા વિકાસ અધિકારી ને માત્ર સફાઈના આદેશ કરવાની વાત કરતા તાલુકા વિકાસ અધિકારીએ આ મારામાં નથી આવતું પશુ વિભાગમાં આવે છે તેમ કંઈ પોતાના હાથ અધ્ધર કરી દીધા ગામના સરપંચ થી લઈ અને તાલુકા કક્ષાના સત્તાધીશોએ



એકબીજા પર દોષનો ટોપલો ઢોળી પોતાના હાથ અદ્ધર કર્યા છે ત્યારે હવે આ ગામની વહારે કોણ આવે છે અને આ ગામમાં ફેલાતો રોગચાળો કોણ અટકાવે છે તે એક મોટો સવાલ ઉભો થયો છે.

## સરસ્વતી નદીના પટમાં સદવિચાર ફાઉન્ડેશન દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ

વડગામ તાલુકાના મોક્તેશ્વર ખાતે માતૃશ્રાદ્ધ અને પિતૃશ્રાધ્ધ માટે પ્રચલીત છે. જે જગ્યામાં દુર દુરથી લોકો આવીને પુજા અર્ચના કરવામાં આવે છે. જેના કારણે ચામુંડા માતાજીના મંદિર નજીક તેમજ સરસ્વતી નદીના પટમાં ગંદકી સર્જાતા મુક્તેશ્વર યાત્રાધામ માં સદવિચાર ફાઉન્ડેશન બનાસકાંઠા ના ચેરમેન રાહુલ કોઈટીયા તેમજ તેમની ટીમ સાથે જિલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સક્સેના જોડાઈને મૂકતેશ્વર ડેમની પાસે નદીના તટમાં વર્ષોથી કચરો ભેગો થયો હતો. કચરાને સદવિચાર ફાઉન્ડેશનની ટીમ સાથે અશ્વિન સક્સેના એ પ્લાસ્ટીક તથા કચરાનો નિકાલ કરીને સફાઈ કરી હતી. જેમા નિતીનભાઈ પટેલ, સાગરભાઈ, અનીલભાઈ તથા સદવિચાર ફાઉન્ડેશન ટીમ જોડાઈ લોકોને સફાઈ કરવા નદીમાં કચરો તથા પ્લાસ્ટીક ન નાંખવા તેમજ મોકેશ્વર નદીને સ્વચ્છ રાખવા લોકોને અપીલ કરાઈ છે.

## ઊંઝા ઉમિયા માતાના મંદિરે લક્ષચંડી મહાયજ્ઞની મહા તૈયારીઓ

ઊંઝા, તા. ૧૫

વેપારીમથક ઊંઝા ખાતે આવેલ કડવા પાટીદારોના કુળદેવી શ્રી ઉમિયામાતાજીના મંદિરે ૧૮મી ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમિયાન યોજાનાર ભવ્યાતિભવ્ય લક્ષચંડી મહાયજ્ઞના આયોજન અંગેની સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

ઊંઝા ખાતે ઐઠોર રોડ પર ૮૦૦ વિઘા જમીનમાં લક્ષચંડી મહાયજ્ઞને અનુલક્ષીને ૧૧૦૦ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા એક લાખ મંત્રોચ્ચારથી ચંડીપાઠનો શુભારંભ થયો છે. આ સ્થળે ૮૧ ફૂટ ઊંચી વિશાળ યજ્ઞશાળામાં રાજેશ શુક્લના આચાર્યપદે પાંચ દિવસ સુધી ૧૦૮ કુંડીયજ્ઞમાં આહુતિ અપાશે અને ૫૫૦૦ જેટલા પાટલા પર કોઈપણ જાતના ભેદભાવ વિના મા ઉમિયાની પૂજનવિધિ કરાશે. આ મહોત્સવમાં કેન્દ્ર અને રાજ્યના ટોચના રાજકીય નેતાઓ, મહામંડલેશ્વરો, સંતો, મહંતો અને ખ્યાતનામ કલાકારો





સદભાગી બનશે. આ મહોત્સવને માણવા માટે અંદાજે પચાસ લાખ ભાવિકજનો પધારશે. જેઓને રહેવા જમવા માટેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આ મહોત્સવને સફળ બનાવવા માટે જુદી જુદી કમિટિઓની રચના કરીને તેને કાર્યરત કરી દેવામાં આવી છે.

બીજુ અત્રે ૪૦૦ વિઘા જમીનમાં યુવાનો માટે વિવિધ વ્યવસાયલક્ષી ઔદ્યોગિક પ્રદર્શન રાખવામાં આવેલ છે. આશરે ૬૭ વિઘા જમીનમાં મા અન્નપૂર્ણા ભોજનાલયમાં વ્યવસ્થા કરાયેલ છે. સાંસ્કૃતિક કાર્યક્રમ માટે અંદાજે ૨૦ વિઘા જમીનમાં એલઈડી સ્ક્રીન સાથેનુ સ્ટેજ એક સાથે વીસ હજાર માણસો બેસી શકે તેટલી ખુરશીની બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. ૩૦ ફૂટ ઊંચાઈ ધરાવતા ગબ્બરની રચના કરાયેલ છે. બાળકો માટે સુંદર બાળનગરી બનાવવામાં આવેલ છે. જે માટે ૧૮ વિઘા જમીન ફાળવાયેલ છે. આમાં વિવિધ રાઈડ્સનું આયોજન કરાયું છે.

આ ઉપરાંત સાયન્સ ટેકનોલોજી અને ધર્મસભા માટે અલગ અલગ ડૉમ બનાવાયા છે. વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોનું પ્રદર્શન, ક્રાફ્ટ સ્ટોલ, હેલીપેડ, હેલીકોપ્ટર દ્વારા માતાજીના મંદિર પર પુષ્પવર્ષા વગેરે અનેક વ્યવસ્થા ગોઠવાયેલ છે. સલામતિ માટે પોલીસ બંદોબસ્ત, તંબુચોકીઓ, કંટ્રોલરૂમ, ઘોડેસવાર પોલીસ, હોમગાર્ડસ, મહિલા પોલીસ, સ્વયંસેવકોની વ્યવસ્થા કરવામાં આવી છે. સફાઈ માટે દરરોજ સફાઈ કામદારો મારફતે સ્વચ્છતા જાળવવામાં આવશે. તાત્કાલિક સારવાર માટે મેડીકલ સેન્ટર બનાવવામાં આવ્યા છે.

મહોત્સવ દરમિયાન દર્શનાર્થીઓ માટે ૨૪ કલાક શ્રી ઉમિયા માતાજી મંદિર ચાલુ રહેશે. આ લક્ષચંડી મહાયજ્ઞ મહોત્સવમાં દેશ વિદેશોમાં વસતા પાટીદારોને આમંત્રિત કરાયા હોઈ તેઓ આમાં ભાગ લેવા દર્શન કરવા પધારશે.

## શીકા ગામમાં પ્રવેશદ્વારનું ખાતમુહૂર્ત કરાયું

ધનસુરા, તા. ૧૫

ધનસુરા તાલુકાના શીકા ગામે શીકા ચોકડીથી શીકા ગામ તરફ જવાના રસ્તા ઉપર પ્રવેશદ્વારનું ખાતમુહૂર્ત દાતા રમણભાઈ પટેલ તથા રાકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે શીકા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ બિંકલબેન વિપુલભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

શીકા ગામના જ વતની એવા દાતાઓ રમણભાઈ છગનભાઈ પટેલ, રાકેશભાઈ મણીભાઈ પટેલ, ભાવેશભાઈ મણીભાઈ પટેલ તથા પરિવારજનો દ્વારા સમગ્ર પ્રવેશદ્વાર માટે ૫,૫૦,૦૦૦ (સાડા પાંચ લાખ)ના ખર્ચે બનાવવા માટે દાન આપેલ છે તે બદલ સમગ્ર શીકા ગ્રામજનો વતી બિંકલબેન વિપુલભાઈ પટેલે દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## બનાસકાંઠાના સફિન હસન ભારતના સૌથી નાની વયના આઈપીએસ બન્યા





પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના કાણોદરના ૨૪ વર્ષના સફિન હસને યુપીએસસીની પરીક્ષા પાસ કરી સમગ્ર ભારતમાં સૌથી નાની વયના આઈપીએસ અધિકારી બનતા યુવાનોના રોલ મોડલ બની ગયા છે ગરીબ પરિવારમાં ઉછરેલ અને નાનપણથી જ કલેકટર અને આઈપીએસ બનવાનો લક્ષ્ય રાખી અભ્યાસ કરતા સફિન હસનની આજે જામનગર ખાતે આઈપીએસ તરીકે પોસ્ટિંગ થતા પરિવાર સહિત સમગ્ર બનાસકાંઠામાં યુવાનોના રોલ મોડલ બની ગયા છે કહેવત છેને કે "મન હોય તો માળવે જવાય" આ પંક્તિ સાચા અર્થમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના કાણોદર ગામના સફિન હસને માત્ર ૨૪ વર્ષની સૌથી નાની વયે ભારતમાં આઈપીએસ ઓફિસર બની સાર્થક કરી બતાવી છે સામાન્ય પરિવારમાં ઉછરેલ સફિન હસને પોતાનો અભ્યાસ ગામમાં કર્યો હતો માતા નસીબબેન અને પિતા મુસ્તાફભાઈએ સફિનનું શિક્ષણ કાણોદરની સરકારી પ્રાથમિક શાળામાં કરાવ્યું હતું ત્યારબાદ ગામની જ સરકારી માધ્યમિક ધોરણ દસ સુધી અભ્યાસ કર્યો હતો ત્યારબાદ સુરત ખાતે EC એન્જીનિયરીંગમાં અભ્યાસ કર્યા બાદ જીપીએસસીની પરીક્ષા રાજ્યમાં ૩૪મો ક્રમાંક મેળવી પાસ કરી હતી જેમાં જિલ્લા રજીસ્ટ્રાર તરીકે નિમણૂક થઈ હતી પરંતુ બાળપણથી જ આઈપીએસ બનવાનો લક્ષ્ય લઈ ચૂકેલ સકીલ હસને જિલ્લા રાજીસ્ટ્રારની જોબ નકારી હતી અને વર્ષ ૨૦૧૭માં યુપીએસસીની મેઈન પરીક્ષા આપવાની હતી તે સમયે અકસ્માત થતા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી પરંતુ હિંમત ન હારી અને પરીક્ષા આપી હતી અને ભારતમાં યુપીએસસીની પરીક્ષામાં ૫૭૦મો ક્રમાંક મેળવી પાસ કરી હતી ત્યારબાદ હૈદરાબાદ ખાતે ટ્રેનિંગ મેળવી આઈપીએસ અધિકારી તરીકે સૌ પ્રથમ જામનગર ખાતે પોસ્ટિંગ મળ્યું છે.

## મોડાસામાં ખરીદ કેન્દ્ર પર ટેકાના ભાવે મગફળી રિજેકટ કરતા હોબાળો

### ખેડૂતો અને કર્મચારીઓ વચ્ચે તુ... તુ... મેં... મેં... સર્જાઈ

મોડાસાના નવીન માર્કેટયાર્ડ ખાતે આવેલા ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્ર ઉપર મગફળીની ગુણવત્તાને લઈ માલ રીજેકટ કરાતાં બે ખેડૂતો ઉશ્કેરાઈ ગયા હતા. ખેડૂતોની મગફળીમાં ઢેફા, કચરો હોવાથી માપદંડ મુજબની ગુણવત્તા જોવા ન મળતાં માલ રીજેકટ કરાતા ખેડૂત ઉશ્કેરાયો હતો અને પિત્તો ગુમાવતા ખરીદ કેન્દ્રના કર્મીઓ વચ્ચે તુ-તુ મેં મેં કરાતાં અર્ધો કલાક માલ ખરીદી અટવાઈ હતી. અંતે અન્ય ખેડૂતોની દરમ્યાનગીરીથી મામલો થાળે પડયો હતો અને ૨૭૦૦ બોરી મગફળી દિવસના અંત સુધીમાં ખરીદાઈ હોવાનું સૂત્રો દ્વારા જણાવાયું હતું.

જિલ્લાના છ કેન્દ્રો ઉપર ૧૮ મી નવેમ્બરથી રાજય પુરવઠા



નિગમ દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદી શરૂ કરાઈ છે. ગત શનીવારના રોજ મોડાસા ખાતેના નવીન માર્કેટયાર્ડ ખાતે મગફળી વેચવા આવેલા ખેડૂતનો માલ ઠરાવેલ ગુણવત્તાના માપદંડો કરતા હલકો જણાતાં રીજેકટ કરાયો હતો અને માલ રીજેકટ કરાતા જ ખેડૂતો એકાએક ઉશ્કેરાઈ ગયા હતા અને ફરજ ઉપરના કર્મીઓ પૈસા પડાવતા હોવાના અને માર મારવા આવતા હોવાના આક્ષેપો કરાયા હતા. આ મુદ્દે પુરવઠા નિગમના સૂત્રોનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું હતું કે ટેકાના ભાવે મગફળી વેચવા આવેલા ખેડૂતના માલમાં દાંડી સહિતનું પ્રમાણ વધુ હોય માપદંડ બહારનો માલ ખરીદવો શકય ન હતો. જેથી માલ રીજેકટ કરાતા આ ખેડૂતો ઉશ્કેરાઈ ઉઠયા હતા. જયારે સ્થળ ઉપર હોબાળો મચાવી રહેલા ખેડૂતો એ ફરજ પરના કર્મીઓ પૈસા માંગી રહયા હોવાનો તેમજ માર મારવા આવતા હોવાનો આક્ષેપ કર્યો હતો.

અંતે સ્થળ ઉપર મગફળી વેચવા આવેલા અન્ય ખેડૂતોએ દરમ્યાનગીરી કરતા મામલો થાળે પડયો હતો. આ હોબાળાના પગલે અર્ધો કલાક ખરીદી બંધ રહેવા પામી હતી. દિવસભરની ખરીદી દરમ્યાન ૨૭૦૦ બોરી મગફળી ટેકાના ભાવે ખરીદાઈ હોવાનું પુરવઠા નિગમના મેનેજરે જણાવ્યું હતું.

## પ્રાંતિજ શ્રી રાધા કૃષ્ણ મંદિર ખાતે પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવમાં લોકડાયરો યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સુપ્રસિધ્ધ શ્રી વેરાઈમાતાના મંદિર ખાતે આવેલ શ્રી રાધા કૃષ્ણ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને લોક ડાયરો યોજાયો હતો.

પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ શ્રી વેરાઈમાતા મંદિર ખાતે આવેલ શ્રી રાધા કૃષ્ણ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને શ્રી વેરાઈમાતા યુવક મંડળ દ્વારા લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્ય સંગીત નાટય અકાદમી ગાંધીનગરના સહયોગથી લોક ડાયરો યોજાયો હતો. જેમાં બહારથી આવનાર હાસ્ય તથા ગાયક કલાકારો દ્વારા ઉપસ્થિત દર્શકોના દિલ જીતી લીધા હતા તો કડકડતી ઠંડીમાં પણ નગરજનોએ લોક ડાયરાનો આનંદ માણ્યો હતો. શ્રી વેરાઈમાતા યુવક મંડળ દ્વારા આવનાર મહેમાનો તથા કલાકારોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

